પાના ૦૬ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૨/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

**સુવિચાર**
દરેક વ્યક્તિમાં કોઈને કોઈ ખૂબીઓ અને ખામીઓ હોય છે. આપણે ખૂબીઓને જોવી ખામીઓને નહી.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ પોષ વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૦૪૭

## ૭ મહિનાં પહેલા તેમનું માલીકીનું મકાન તંત્રએ તોડી પાડતા નારાજ થઈને

# ધરાઈનાં ૮૫ વર્ષનાં વૃધ્ધા અને પુત્રવધુએ ન્યાયની માંગ સાથે ઉપવાસ શરૂ કર્યા

**સ્થાનિક કક્ષાએથી લઈને ગાંધીનગર સુધી ન્યાય માટે ભટકતાં હોય કોઈ ન્યાય આપવા આગળ આવતું નથી**

**ધાર્મિક જગ્યાની બાજુમાં આવેલ વર્ષો પુરાણા મકાનને પોલીસ રક્ષણ હેઠળ તોડી પડાયાનું જણાવી રહ્યા છે**

**એક તરફ તંત્ર બધુ કાયદેસર કામ થયું હોવાનું જણાવે તો વૃદ્ધા કેમ માનતા નથી તે પણ તપાસનો વિષય છે**

**બાબરા પંથકનાં ભાજપનાં એક મહત્વનાં આગેવાન પણ વૃધ્ધાને ન્યાય મળવો જોઈએ તેવું જણાવી રહ્યા છે**

અમરેલી, તા. ૫

બાબરા તાલુકાનાં ધરાઈ ગામે શ્રી બાલમુકુંદજીની હવેલી આવેલ છે. આ હવેલી આજુબાજુ મુખ્યાજીઓએ સ્વખર્ચે રહેણાંક મકાન બનાવેલ. મદદનીશ ચેરીટી કમિશનરનાં તા. ૧/૩/૬૯નાં હુકમથી હવેલી તથા મુખ્યાજીઓના રહેણાંક મકાનો ટ્રસ્ટ મિલ્કત જાહેર થયેલ. શ્રી બાલમુકુંદજી હવેલી ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીએ પોલીસ રક્ષણ માંગી કોઈ નોટીસ આપ્યા વિના તા. ૮/૭/૨૦૨૩નાં રોજ ગેરકાયદેસર રીતે બંધ મકાનોના તાળા તોડાવી, સરસામાન લૂંટી લઈ ૫ મકાનો તોડી પડાવેલ. આ મકાનમાં રહેતા ૮૪ વર્ષના વૃધ્ધ નયનાબેન કાંતિલાલ જોષી બનાવનાં દિવસે જામખંભાળીયા હતા. તેઓ એફઆઈઆર નોંધાવવા ગયેલ પરંતુ આજદિન સુધી તેઓની ફરિયાદ નોંધાયેલ નથી. તેમનો તમામ સરસામાન હજુ ટ્રસ્ટીઓના કબ્જામાં છે. નયનાબેન ઘરવિહોણા અને નિરાધાર હોઈ માનસીક રીતે ભાંગી પડયા છે. તેમને સમયસર ન્યાય ન મળતા હતાશ થઈ તેઓ તથા તેમના કૌટુંબિક પુત્રવધુ મેનાબેન નારણભાઈ જોષી તા. ૩/૨/૨૦૨૪થી શ્રી બાલમુકુંદજીની હવેલી ખાતે ઉપવાસ પર ઉતરેલ છે.

બીજી તરફ બાબરા પંથકનાં ભાજપનાં અગ્રણીએ પણ વૃધ્ધાને ન્યાય મળવો જોઈએ તેવી માંગ કરતાં હોય આગામી દિવસોમાં તેઓ પણ આંદોલનમાં સમર્થનમાં જોડાશકે તેમ છે.




## પત્ની ૧૫ દિવસથી જામનગર પિયરમાં જતી રહેતા

# રાજુલાનાં શિવધારા એપાર્ટમેન્ટમાં રહેતા યુવકે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**ચિંતામાંને ચિંતામાં યુવકે આત્મહત્યા કરી લીધી**

અમરેલી, તા. ૫

રાજુલાના માર્કેટયાર્ડ પાછળ, ભેરાઈ રોડ ઉપર આવેલ શિવધારા એપાર્ટમેન્ટમાં રહેતા ભાવેશગીરી બાલુગર ગૌસ્વામી નામના ૩૬ વર્ષિય યુવકના પત્નિ તેની દિકરી સાથે છેલ્લા પંદરેક દિવસથી પોતાના પિયર જામનગર ગામે રિસામણે ચાલી ગયેલ હોય. જે બાબતે યુવક સતત ચિંતા–ઉપાધીમાં રહેતા હોય. જે ચિંતા અને ઉપાધિમાં યુવકને મનમાં લાગી આવતા ગત તા. ૪ ના કોઈપણ સમયે રાજુલા શિવધારા એપાર્ટમેન્ટ ભેરાઈ રોડ ઉપર પોતાની મેળે પોતાના બેડરૂમમાં પંખા સાથે ચુંદડી બાંધી ચુંદડી વડે ગળા ફાંસો ખાઈ લેતા યુવક મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## એ દિવસો દૂર નથી કે જયારે ડો. જીવરાજ મહેતા ચોકમાં પણ સિંહ દેખા દે

# આલેલે : અમરેલીમાં જેશીંગપરાનાં પાદરમાં એક સિંહણે બે પાઠડા સાથે આવીને રેઢીયાળ ગાયનું કર્યુ મારણ

**વન વિભાગને ખબર નથી કે દેશનાં ગૌરવસમા સિંહોને ભોજન મળે છે કે કેમ ?**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લાના રેવન્યુ વિસ્તારમા સિંહ અને દીપડાની વસતિ કુદકેને ભુસકે વધી રહી છે. ત્યારે પાણી અને શિકારની શોધમા આ વન્ય પ્રાણીઓ ગમે ત્યારે કોઈપણ ગામમા ઘુસી જાય છે. સિંહો શનિવારે રાત્રે પ્રથમ વખત છેક અમરેલીના પાદર સુધી આવી અમરેલીના જેશીંગપરા વિસ્તારની સીમમાં આવી ગયા હતા અને એક ગાયનુ મારણ કરી ગયા હતા. આ અંગે વનવિભાગને જાણ થતાં વનવિભાગ ઘટના સ્થળે દોડી ગયુ હતુ.

સિંહો અને દીપડાની વધતી વસતી વચ્ચે વન્ય પ્રાણીઓ અમરેલી શહેરમાં ઘુસી આવી રેઢીયાર પશુના મારણ કરે છે. હવે એ દિવસો પણ દુર નથી શિકાર માટે વન્ય પ્રાણીઓ અમરેલી શહેર સુધી આવી જશે. ભુતકાળમાં અમરેલી જિલ્લાના ચલાલા, ધારી, ખાંભા, જાફરાબાદ અને રાજુલા શહેર સુધી આવી પહોંચ્યા હોય તેવુ અનેક વખત બન્યું છે. પરંતુ સિંહો શિકાર માટે અમરેલી સુધી આવી પહોંચ્યા હોય તેવુ પ્રથમ વખત બન્યું છે.

ગત શનિવારે રાત્રે અમરેલીના જેશીંગપરામા રંગપુર રોડ પર એક સિંહણ બે પાઠડા સાથે શિકારની શોધમાં આવી પહોંચી હતી. ત્રણેયે મળી એક રેઢીયાર ગાયનુ મારણ કર્યુ હતુ અને નિરાંતે મિજબાની માણી હતી. સિંહણ અને બંને પાઠડા મારણ કરી ભરપેટ ભોજન બાદ ફરી શહેરથી દુર ચાલ્યા ગયા હતા. સવારે વનવિભાગને જાણ થતા આરએફઓ ગલાણી સ્ટાફ સાથે અહી દોડી ગયા હતા. શિકારની આ ઘટના રંગપુરના કાચા માર્ગે બની હતી. આમ પણ અમરેલી તાલુકામા સાવજોની વસતી વધી રહી છે.
















# અમરેલીના પોલીસ હેડકવાર્ટર ખાતે સ્તન કેન્સર જાગૃત્તિ અભિયાન અંતર્ગત સેમિનાર યોજાયો







અમરેલીના પોલીસ અધિક્ષક હિમકરસિંહની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક એ.જી.ગોહિલના માર્ગદર્શન હેઠળ વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે અમરેલી જીલ્લા પોલીસ – સુરક્ષા સેતુ સોસાયટી તેમજ આશીર્વાદ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે ''સ્તન કેન્સર જાગૃતિ અભિયાન' અંતર્ગત પોલીસ હેડ કવાટર્સ અમરેલી ખાતે એક ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ ''સ્તન કેન્સર જાગૃતિ અભિયાન' માં અમરેલીના સુપ્રસિધ્ધ ડો.સ્વાતિબેન વ્યાસ, ડો. પિયુષ ગોસાઈ, ડો. વિરલ ગોયાણી, ડો.મીનાબેન ગોયાણી તથા મહિલા પોલીસ સબ ઈન્સપેકટર, મહિલા પોલીસ કર્મચારીઓ હાજર રહેલ હતા.આ સેમિનારનો હેતું વર્તમાન સમયમાં મહિલાઓમાં વધતા સ્તન કેન્સર તથા ગર્ભાશય કેન્સર વિશે જાગૃતિ લાવી, પ્રથમ તબકકામાં કેન્સરના લક્ષણો જાણી તેનું સમયસર નિદાન કરી અટકાવવી શકાય તેવો હતો. આ સેમિનારમાં ઉપસ્થિત તમામ ડોકટર દ્વારા કેન્સરના લક્ષણો, કંઈ રીતે જાતે તપાસ કરી કેન્સર વિશેષ માહિતી મેળવી શકાય, કેન્સરની સારવાર પધ્ધતિ, કેન્સરના ઉપચાર વિશે સવિસ્તૃત સમજ આપવામાં આવેલ.આર્શીવાદ ફાઉન્ડેશનના નિતાબેન જોષી અને પ્રજ્ઞાબેન સેજપાલ દ્વારા પી.પી.ટી. મારફતે કેન્સરના દરેક મુદા આવરી લઈ વિશેષ માહિતી આપવામાં આવેલ હતી. આ સેમિનારમાં અંદાજીત ૧૭૫,મહિલા પોલીસ અધિકારી, કર્મચારીઓ હાજર રહી, કાર્યક્રમ સફળ બનાવેલ.

### ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણી વેરઝેરનું કારણ બની

## ધારીનાં ઢોલરવા ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીનાં મનદુઃખે મારામારીની ઘટના બની

### પોલીસે બન્ને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૫

ધારી તાલુકાના ઢોલરવા ગામે રહેતા ગભરૂભાઈ વિસામણભાઈ ધાધલના પત્નિ ચંદ્રાબેન ગત ગ્રામ પંચાયતની ચુંટણીમાં સરપંચપદે તે જ ગામે રહેતા અનકભાઈ રાર્ણીગભાઈ વાળાના પત્નિ રયકુબેનની સામે જીતી ગયેલ હોય. જેનો ખાર રાખી આગામી ગ્રામ પંચાયતની ચુંટણી ગભરૂભાઈ વિસામણભાઈ ધાધલ કે તેમના પરિવાર તરફથી કોઈ પણ સભ્ય ચુંટણી લડવા ઉભુ ન રહે તે બાબતે સમાન ઈરાદા સાથે આરોપીઓ રણજીતભાઈ અનકભાઈ વાળા, અનકભાઈ રાર્ણીગભાઈ વાળા, દિપુભાઈ દેહાભાઈ વાળા, સંજયભાઈ દિપુભાઈ વાળા, વિજયભાઈ દિપુભાઈ વાળા, ચંપુભાઈ દેહાભાઈ વાળા, ઉદયભાઈ ચંપુભાઈ વાળા, હરેશભાઈ રાર્ણીગભાઈ વાળા (રહે. તમામ ઢોલરવા, તા. ધારી) વાળાએ એકસંપ કરી હાથમા લોખંડનો પાઈપ, તલવાર, કુહાડી ધારણ કરી તમામ આરોપીઓએ ગભરૂભાઈ વિસામણભાઈ ધાધલના તથા સાહેદો ઉપર હુમલો કરી લોખંડનો પાઈપ મારી ડાબા પગની ટચલી આંગળીએ તથા તેની પાસેની આંગળીએ ત્રણ ટાંકા આવે તેવી અને ફ્રેકચર તથા ઓપરેશન આવે તેવી ઈજા કરેલ તથા સાહેદ એભલભાઈ રામભાઈ ધાધલને માથાના ભાગે તલવારનો એક ઘા મારી ચાર ટાંકા આવે તેવી ઈજા કરેલ અને સાહેદ જયરાજભાઈને આરોપીએ લોખંડનો પાઈપ માથામાં મારી મુંઢ ઈજા કરેલ તેમજ સાહેદ જયદીપભાઈ એભલભાઈને આરોપીએ શરીરે લોખંડનો પાઈપ મારી મુંઢ ઈજા કરી નાકે વિચકા ભરી ઉજરડો કરી તમામ આરોપીઓએ સમાન ઈરાદો પાર પાડવા ગેરકાયદેસર મંડળી રચી, હાથમાં હથિયારો ધારણ કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો સામા પક્ષે આ જ બનાવમાં રણજીતભાઈ અનકભાઈ વાળાએ સામે પોલીસ ફરિયાદમાં જણાવેલ છે કે તેમના બાએ ગત સરપંચની ચુંટણીમાં સરપંચનુ ફોર્મભરેલ હોય. જે સરપંચની ચુંટણી હારી જતા, આવનારી ચુંટણી માટે ફરીયાદી તૈયારી કરતા હોય જે બાબતે આરોપીઓ માણકુભાઈ વીહાભાઈ ધાધલ, ગભરૂભાઈ વીહાભાઈ ધાધલ, એભલભાઈ રામભાઈ ધાધલ, જયદીપભાઈ એભલભાઈ ધાધલ, શીવરાજભાઈ નનકાભાઈ ધાધલ તથા જયરાજભાઈ દાદભાઈ ધાધલે ગેરકાયદેસર મંડળી રચીને હાથમાં હથિયાર ધારણ કરીને ચુંટણીની તૈયારીનુ મનદુઃખ રાખીને પોતાનો સમાન–ઈરાદો પાર પાડવા સારૂ રણજીતભાઈ અનકભાઈ વાળાને ગાળો આપી અને આડેધડ હથીયારોનો ઘા મારીને, ગાલના ભાગે છરી મારીને, શરીરે આડેધડ હથિયારના ઘા મારી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## રાજુલા : એસ.ટી. કર્મચારીની પ્રમાણિકતાને સો સો સલામ

રાજુલા, તા. ૫



ધારીથી મહુવા લોકલ બસમાં આજ રોજ સવારે ૫:૪૫ સવારે સાવકુંડલા ડેપોથી એક પેસેન્જર જેણે ગોરડકાની ટિકિટ લીધી. જયારે મૂળ સ્થળ પર ઊતર્યા પણ એની કપડાં અન્ય સામાન જેમ કે લાઈસન્સ, આધાર કાર્ડ ચુંટણી કાર્ડ, એટીએમ તથા અગત્યના ડોકયુમેન્ટ અને અમુક રોકડ રૂા. ૧૦,૦૦૦ વગેરે બસમાં ભૂલી ગયેલ અને પોતાનું સ્ટેશન આવતા ઉતરી ગયેલા. બાદમાં જેમાં આ બસના ડ્રાઈવર મહેશભાઈ બેઝ નં. ૪૫૫ અને કંડકટર અગ્રાવત હેતલબેન બેઝ નં. ૦૪ ને આ જાણ થતા મુળ વ્યકિતનો સંપર્ક કરી મૂળ માલિક જે ખાત્રાણી નિકુંજ ભાઈને રૂબરૂ થેલો, બેગ આપેલ છે. ડ્રાઈવર મહેશભાઈ, કંડકટર હેતલબેન અગ્રાવત ફરજ પર પ્રમાણિકતા દર્શાવી છે અને ફરજ પર પ્રમાણિકતા દર્શાવી આજના આ યુગમાં આવા પ્રમાણિક કર્મચારી હજુ છે તેનું આ ઉત્તમ ઉદાહરણ.

### વન વિભાગે કલાકોની મહેનત બાદ ઓપરેશન પુરૂ કર્યુ

## રાજુલામાં નિર્માણાધિન હોસ્પિટલનાં બીજા માળે ચડી ગયેલ દીપડો અંતે પાંજરામાં કેદ થયો





અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લાના ગીરકાંઠાના વિસ્તારોમાં વન્ય પ્રાણીઓ છાશવારે ઘુસી આવી ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા ખેત મજુરો, ખેડૂતો દુધાળા પશુઓ ઉપર હુમલા કરવાના બનાવો હવે સામાન્ય થઈ ગયા છે. ત્યારે અમરેલી જિલ્લાના ઔદ્યોગિક નગરી ગણતાં રાજુલામાં ગત તા. ૨૯ના રોજ એક નિર્માણાધિન હોસ્પિટલમાં બાંધકામ શરૂ હોય અને ત્યાં બીજા માળે એક દીપડો ગયો ઘુસી હતો. જો કે બનાવ અંગે વન વિભાગને જાણ થતાં ઘટના સ્થળે દોડી ગયો હતો પરંતુ દીપડો વનવિભાગને ચકમો આપી સીમ વિસ્તારમાં ભાગી ગયો હતો. ત્યારે હોસ્પિટલ બિલ્ડીંગના બીજા માળે દીપડો રૂમમાં ઘુસી જવાથી ઘટનાથી દોડધામ મચી જવા પામેલ હતી. પરંતુ વનવિભાગે આ વિસ્તારમાં આંટાફેરા મારતા આ દીપડાને પિંજરે પૂરવામાં આજે સફળતા મેળવી છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલામાં છતડીયા રોડ ઉપર આકાર પામી રહેલ કોંગી નેતા અને પુર્વ ધારાસભ્ય અંબરીશ ડેરની નિર્માણાધિન હોસ્પિટલમાં ગત તા. ૨૯ના રોજ હોસ્પિટલમાં બાંધકામ શરૂ હોય ત્યાં આવેલ બીજા માળે એક દીપડો ગયો ઘુસી હતો. જો કે બનાવ અંગે વન વિભાગને જાણ થતાં ઘટના સ્થળે દોડી ગયો હતો. પરંતુ દીપડો વનવિભાગને ચકમો આપી સીમ વિસ્તારમાં ભાગી ગયો હતો. ત્યારે હોસ્પિટલ બિલ્ડીંગના બીજા માળે દીપડો રૂમમાં ઘુસી જવાથી ઘટનાથી દોડધામ મચી જવા પામેલ હતી. પરંતુ વનવિભાગે આ વિસ્તારમાં આંટાફેરા મારતા આ દીપડાને માનવ ઘર્ષણની ઘટના ઘટે તે પહેલાં વનતંત્રએ પિંજરે પૂરવામાં આજે સફળતા મેળવી છે. ત્યારે રહેણાંકી વિસ્તાર અને હોસ્પિટલ પાછળથી દીપડો પાંજરે પુરાય જતા સ્થાનિકોમાં હાશકારો થવા પામેલ છે.

## અમરેલી : નેત્રમની મદદથી મોબાઈલ ફોન શોધી મૂળ માલીકને પરત કર્યો





અમરેલી, તા. ૫

અમરેલીમાં ગત તા. ૪ના રોજ અમરેલીના નાગરીક જૈનમભાઈ અલ્પેશભાઈ મકવાણા (રહે. માણેકપરા, અમરેલી) વાળાએ અત્રે '' નેત્રમ'' કમાન્ડ કંટ્રોલ સેન્ટર અમરેલી ખાતે જણાવેલ કે, તેઓ તેઓની ગાડી નંબર જીજે ૧૪ એમ ૩૧૭૭ લઈ એસ.ટી. બસ સ્ટેન્ડ અમરેલીથી ઘરે માણેકપરામાં જતા હતા. તે દરમ્યાન તેઓનો મોબાઈલ ફોન રૂપિયા આશરે ૧૦,૦૦૦નો રસ્તામાં પડી ગયેલ હોય. જે અંગે અમરેલી કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ)ના પોલીસ સ્ટાફ દ્વારા એસ.ટી. બસ સ્ટેન્ડ તથા રેડ કોર્નર પાસેના સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ ચેક કરતા રેડ કોર્નર પાસે એક બ્લુ કલર જેવુ એકટીવા લઈ બે ઈસમો જતા હોય. જેમાંથી એક ઈસમ ઉતરી આ નીચે પડેલ મોબાઈલ ફોન લેતા જોવા મળેલ બાદ તેને ટ્રેસ કરતા તેઓ ગાડી લઈને જેસીંગપરા બાજુ જતા જોવા મળેલ હોય. બાદ જેસીંગપરા વિસ્તારમાં અરજદારને સાથે રાખી તપાસ કરતા ટ્રેસ કરેલ એકટીવા મળી આવતા પોલીસ દ્વારા પુછપરછ કરતા તેઓને આ મોબાઈલ ફોન રેડ કોર્નર પાસે આવેલ બી.પી.એમ. સાયકલ સ્ટોર પાસે રસ્તામાં પડેલો મળેલ હોવાનું જણાવેલ હોય. જેથી જૈનમભાઈ અલ્પેશભાઈ મકવાણને મોબાઈલ ફોન બતાવતા આ મોબાઈલ ફોન તેઓનો હોવાનું જણાવેલ હોય, જે મોબાઈલ ફોન મૂળ માલીકને સહી સલામત પરત સોંપી આપેલ છે.

### મધ્યપ્રદેશનાં ઉજજૈન વિસ્તારમાંથી ગુમ થયા બાદ

## લાઠીનાં આસોદર ગામેથી એક મહિલા તથા બે બાળકોને પોલીસે શોધી કાઢયા

### લાગતા–વળગતા પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી

અમરેલી, તા. ૫

મધ્યપ્રદેશ રાજયના ભાટ પચલાના પોલીસ સ્ટેશન (જી. ઉજજૈન) વિસ્તારના ગુમ થયેલ મહિલા તથા બે બાળકોને લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારના આસોદર ગામની સીમમાથી લાઠી પોલીસ ટીમે શોધી કાઢેલ છે.



લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ સબ.ઈન્સ. એચ.જે. બરવાડીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ લાઠી પોલીસ ટીમ ધ્વારા ભાટ પચલાના પોલીસ સ્ટેશનમાં ગુમ જાણવા જોગ નં ૩/૨૦૨૪ ના કામે ગુમ થનાર લલીતાબેન કમલેશભાઈ ભેરૂલાલ ચૌહાણ, રોશનીબેન કમલેશભાઈ ચૌહાણ (ઉ.વ. ૧૨) તથા પવન કમલેશભાઈ ચૌહાણ (ઉ.વ. ૧૦) (રે. ત્રણેય ભાટ પચલાના જી. ઉજજૈનવાળા)ને શોધી કાઢી ભાટ પચલાના પોલીસ સ્ટેશન (એમ.પી) વાળાને જાણ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### ક્રાંકચ જિલ્લા પંચાયતની સીટની બેઠક યોજાઈ

## લીલીયામોટા ખાતે 'ગાવ ચલો અભિયાન' અંતર્ગત તાલુકા ભાજપની કાર્યશાળા બેઠક યોજાઈ

લીલીયા, તા. ૫

ગુજરાત પ્રદેશ તથા અમરેલી જિલ્લા ભાજપની સુચના મુજબ લીલીયા મોટા ખાતે 'ગાવ ચલો અભિયાન' અંતર્ગત લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભીની અધ્યક્ષતામાં ક્રાંકચ જિલ્લા પંચાયત સીટની કાર્યશાળા યોજાય.



આ કાર્યશાળામાં તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતિનિધિ કાનજીભાઈ નાકરાણી, તાલુકા ભાજપના પુર્વ પ્રમુખ ચતુરભાઈ કાકડીયા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભીખાભાઈ ધોરાજીયા, મહામંત્રી જીજ્ઞેશભાઈ સાવજ, ગૌતમભાઈ વિંછીયા, તાલુકા પંચાયતના સભ્યો, બુથ પ્રમુખો, વ્હોટસએપ ગ્રુપના ઈન્ચાર્જ, બીએલએ ૨ તથા તમામ અપેક્ષિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં શકિતગૃપનાં યુવાનોની જહેમતથી પશુઓના શિંગડા હવે અંધારામાં રેડીયમથી ઝગમગશે













અકસ્માતો અટકાવવા યુવાનોએ રસ્તાઓ પર રખડતાં પશુઓને રેડિયમ લગાવાની કામગીરી શરૂ કરી અમરેલી શહેરમાં શક્તિ ગ્રુપ નાં યુવાનો જીવદયા પ્રેમી યુવાનો કેટલાક સમયથી લોકો ઉપયોગી પ્રવૃતિઓ કરી રહ્યા છે રખડતાં પશુઓને રેડિયમ લગાવાની કામગીરી શરૂ કરવામાં આવી છે યુવાનો શહેરના જુદા જુદા ફરી ને પશુઓને રેડિયમ લગાવાની છે ગૌતમ વાળા અશોક વાળા પરેશ પરમાર ચિરાગ સાદરાણી ગૌરવ મહેતા વિજય ધંધુકિયા સંજય ધુંધળવા સહિત યુવાનો જોડાયા હતા રેડિયમ લગાવાની કામગીરી શહેરમાં ૫ દિવસ ચાલશ છે

# અમરેલી પાલિકાના કારોબારી ચેરમેનના માતૃશ્રીનું નિધન થતાં શોકાંજલિ પાઠવતા ભાજપા પ્રમુખ સી.આર પાટિલ



અમરેલી પાલિકાની કારોબારી સમિતિના ચેરમેન મનિષભાઈ ધરજીયાના માતૃશ્રીનું તાજેતરમાં અવસાન થતાં પ્રદેશ ભાજપનાં પ્રમુખ સી.આર. પાટિલ, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક કૌશિક વેકરિયા, સાસંદ કાછડીયા, જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભરતભાઈ સુતરીયા, પાલિકા પ્રમુખ બિપીન લીંબાણી, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશ કાબરીયા, જિલ્લા મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, માર્કેટયાર્ડના પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, સારીહ કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણી, ધારાસભ્ય જનક તળાવીયા, ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકીયા, ડો.કાનાબાર, ભાવેશભાઈ સોઢા, ભુપતભાઈ ડાભી, મેહુલભાઈ ધોરાજિયા વિગેરે આગેવાનોએ ધરજીયા પરિવારને સાંત્વના પાઠવી હતી.

### ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર અવરજવરથી ચિંતા

## અમરેલી જિલ્લાનાં માનવ વસાહતમાં સિંહો જેવા પ્રાણીઓની રોજિંદી અવરજવર

### પિપાવાવ પોર્ટ હાઈવે ઉપર સિંહે દેખા દીધી



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામાં જંગલ તથા રેવેન્યુ વિસ્તારમાં દબદબો જોવા મળી રહ્યો છે ત્યારે દેશની શાન ગણતાં એશિયાટીક સિંહોની દિવસેને દિવસે વસ્તી અમરેલી જિલ્લાના દરિયાઈ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં વધી રહી છે. આ વિસ્તારમાં સિંહોને રહેઠાણ અનુકૂળ આવી ગયું છે જેના કારણે સિંહો માનવ વસાહત વચ્ચે હરિફરી રહ્યા છે. ત્યારે સિંહ પરિવારનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. જેમાં એક સિંહ પરિવારે પીપાવાવ પોર્ટ હાઈવે રોડ ક્રોસ કરતાં થોડીવાર માટે ભારે વાહનોના પૈડાં પણ થંભી જાય છે. સામાન્ય રીતે એક સમય એવો હતો ગીર જંગલોમાં સિંહો જોવા મળતા પરંતુ હવે અમરેલી જિલ્લામાં અનેક હાઈવે લોકેશનો ઉપર સિંહો છાશવારે જોવા મળે છે.

સૌથી વધુ સિંહોના વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે ત્યારે વધુ એક વીડિયો વાયરલ થવા પામેલ છે. જેમાં રાજુલા તાલુકાના પીપાવાવ પોર્ટ ફોર લેન માર્ગ પર જયાં ૨૪ કલાક ભારે વાહનોની અવર જવર રહે છે ત્યારે આ ટ્રાફિકથી ધમધમતા હાઈવે રોડ એક સિંહ પરિવારે ક્રોસ કર્યો હતો.

રાત્રીના સમયે એક સાથે ૪ સિંહો પાણી અને શિકારની શોધમાં હાઈવે માર્ગ ઉપર આવતા ત્યાંથી પસાર થતાં ટ્રક ચાલકે પોતાનો ટ્રક સિંહને જોઈ ધીરે ધીરે પસાર કર્યા હતો. તે જ સમયે સામેથી એક બાઈક ચાલક સિંહ સામે આવી જતા અને ઓચિંતા સિંહોને જોઈ બાઈક ચાલકે તુરંત જ યુ–ટર્ન મારી દીધો હતો. જોકે જંગલના રાજા ગણતાં સિંહોએ બાઈક ચાલક સામે હુમલાનો પ્રયાસ પણ કર્યો ન હતો.

## અમરેલીનાં ઓટો રીક્ષા ચાલક ઉપર ૪ શખ્સો સામાન્ય બાબતે તૂટી પડયા

અમરેલી, તા. ૫

અમરેલીના મણીનગરમાં આવેલ બાગે જોહરામાં રહેતા ગુલાબભાઈ મહમદભાઈ ધંધુકિયા નામના ડ્રાઈવર યુવક ગત તા. ૩ના રોજ બપોરના સાડા અગિયારેક વાગ્યે પોતાની ઓટો રીક્ષા લઈ ભાડાના કામે ઘરેથી નીકળી અમરેલી એસ.ટી. બસ સ્ટેશનના રીક્ષા પાર્કિંગમાં રીક્ષા રાખતા હતા. ત્યારે અમરેલીના કુંકાવાવ જકાતનાકા, સુળીયાટીંબા પાસે રહેતા આરોપી દિપકભાઈ ચંદુભાઈ ભોજવિયા પોતાનું મોટર સાયકલ રિક્ષાના આગળના વ્હીલ સાથે અડી જતા યુવકે આરોપીને સમજાવવા લાગેલ કે આગળ બસ હતી તો તમે ધીમેથી અને ધ્યાનથી મોટર સાયકલ ચલાવો જેથી આરોપીએ યુવકને જેમ ફાવે તેમ બોલવા લાગેલ. જેથી યુવકે આ સામાન્ય ઘટનામાં બોલાચાલી ન કરો તેમ કહેતા આરોપી દિપકભાઈ ચંદુભાઈ ભોજવિયા, ચંદુભાઈ મનજીભાઈ ભોજવિયા, મયુરભાઈ રમેશભાઈ સાકળીયા તથા સંજયભાઈ પ્રાગજીભાઈ હળવાડિયા યુવકને જેમ ફાવે તેમ ગાળો આપી, હાથમાં લોખંડના બટકાનો એક ઘા પાછળથી માથામાં મારી તથા એક ઘા જમણા હાથના આંગળી પર મારી દેતા યુવકને માથામાં ચાર ટાંકા આવે તેવી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## ધારી : ગીર (પૂર્વ) વન વિભાગે ૨ વ્યકિતઓને કર્યો ૨૦ હજારનો દંડ



ધારી, તા. ૫

ગીર (પૂર્વ) વન વિભાગ ધારી હેઠળની સરસીયા રેન્જના ધારી રાઉન્ડમાં આવેલ ઘેટીડેમ વિસ્તારમાં તા. ૩/૨/૨૪નાં રોજ રાત્રીના આરએફઓ સરસીયા તેમજ સ્ટાફના પેટ્રોલીંગ દરમ્યાન ઘેટીડેમ વિસ્તારમાં અપ્રવેશ કરતાં ફોર વ્હીલ ગાડી નં. જી.જે. ૧૪ બીએ ૯૯૯૮ અને તેમાં બેસેલા આરોપી નં. ૧ ચંદદ્રેશભાઈ ભાભલુભાઈ વાળા તથા આરોપી નં. ૨ ચંદુભાઈ ભીખાભાઈ લીંબાણી રે. ડાભાળી ત્હોમતદારને પકડી પાડેલ. બાદ નાયબ વન સંરક્ષક ગીર (પૂર્વ) વન વિભાગ ધારીના ડીસીએફની સુચના મુજબ તેમજ એસીએફના માર્ગદર્શન હેઠળ આરએફઓ સરસીયાએ ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી એડવાન્સ રીકવરી પેટે રૂપિયા ૨૦ હજાર વસુલાત કરવામાં આવેલ છે.

### સ્થાનિક પોલીસની ગણતરીની કલાકો સફળ રહી

## રાજુલાનાં વાવડી ગામેથી ગુમ થયેલ ૩ બાળકો ડુંગરાળ વિસ્તારમાંથી મળી આવ્યા

### પરિવારજનો સાથે સુખદ મિલન કરાવ્યું



અમરેલી, તા. ૫

અમરેલી જીલ્લામાં નાની ઉંમરના બાળકો રીસાઈને ઘરેથી જતા રહેલ હોય તેવી રજુઆત માટે આવતા માતા–પિતાને તેઓના ગુમ સંતાનો વિષે તપાસ કરી મેળવી આપવા અંગે સુચના આપેલ હોય અને પોલીસ અધિક્ષક હિમકરસિંહ તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ અમરેલી જીલ્લામાંથી આવા ગુમ થનાર બાળકો અંગે ઉંડાણપુર્વક તપાસ કરી શોધી આપવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે ગત તા. ૨ ના રોજ સવારના દસેક વાગ્યા આજુબાજુ વાવડી ગામેથી ફોન આવેલ અને જણાવેલ કે હું કૈલાસભાઈ ફુલસીંગભાઈ અજનાર બોલુ છું અને મારા બે બાળકો અંકીત (ઉ.વ. ૧૩) તથા રવી (ઉ.વ. ૧૦) તથા મારા ભાઈનો દીકરો પીયુષ (ઉ.વ. ૬) ગત તા. ૧ના સાંજના પાંસેક વાગ્યાની આજુ–બાજુ ઘરેથી રમવા ગયેલ અને પરત આવેલ નથી અને આજ સવાર સુધી ઘરમેળે તપાસ કરતા મળી આવેલ નથી. જે બાબતે ફોનથી રાજુલા પોલીસને જાણ કરતા તથા બનાવની ગંભીરતાની જાણ રાજુલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આઈ.જે. ગીડાને થતાં તાત્કાલીક ધોરણે ગુમ થનારને શોધી કાઢવા રાજુલા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. જી.એમ. જાડેજા તથા પો.સબ.ઈન્સ. એમ.એફ. ચૌહાણ તથા રાજુલા સર્વેલન્સ સ્ટાફ તથા આગરીયા બીટ તથા અન્ય રાજુલા પોલીસ સ્ટેશનના ૨૦ જેટલા કર્મચારીઓને તાત્કાલીક બનાવ સ્થળે જઈ ગુમ થનાર બાળકો શોધી કાઢવા તથા બનાવ અંગે ઉંડાણપુર્વક તપાસ કરવા સુચના આપેલ હોય.

જે અનુસંધાને રાજુલા પોલીસ સ્ટાફ તાત્કાલીક બનાવવાળી જગ્યા વાવડી ગામે સીમ વિસ્તારમા પહોંચી ગુમ બાળકોની તપાસ ચાલુ કરેલ અને અંદાજે ત્રણથી પાંચ કી.મી.ના વિસ્તારમાં પોલીસ દ્વારા હ્યુમન સોર્સની મદદ લઈ મોટર સાયકલ તથા પગપાળા ચાલી ગુમ થયેલ બાળકોને શોધી કાઢવા જહેમત ઉઠાવેલ હતી અને ગણતરીના સમયમાં ગુમ થનાર ત્રણેય બાળકોને અવાવરૂ તથા ડુંગરાળ વિસ્તારમાંથી શોધી કાઢેલ હતા. અને આ બનાવ બાબતે ત્રણેય બાળકોને પુછતા જણાવેલ છે કે પોતાની માતાએ ડુંગરાળ વિસ્તારમાં વન્ય જીવોનો ત્રાસ હોવાથી ત્યાં બોર ખાવા જવાની ના પાડેલ હતી તથા ત્યાં જશો તો તારા પિતા ખીજાશે જે ડર બાબતે લાગી આવતા અમો ઘરેથી જતા રહેલ હતા. આમ, આ ગુમ થનાર ત્રણેય બાળકો ગુમ થયાની પોલીસ સ્ટેશન જાણ થતાની સાથે જ ગણતરીની કલાકોમાં ગુમ થનાર ત્રણેય બાળકોને રાજુલા પોલીસ ટીમ દ્વારા શોધી કાઢેલ છે.

### તાલુકા કોંગી ઉપપ્રમુખે વિભાગીય નિયામકને પત્ર પાઠવ્યો

## અમરેલીથી વ્હેલી સવારે ગ્રામ્ય વિસ્તારમાં વાયા થઈને અમદાવાદ સુધી બસ સેવા શરૂ કરો

### નાના માચીયાળા, શેડુભાર, ખીજડીયા રાદડીયા સહિતનાં ગામોને લાભ મળે

અમરેલી, તા. ૫

અમરેલી–અમદાવાદ રૂટની બસ સવારે ૬ કે ૭ કલાકે ગ્રામ્ય વિસ્તારનાં ગામડા જેવા કે અમરેલીથી વાયા નાના માચીયાળા, મોટા માચીયાળા, શેડુભાર, ખીજડીયા રાદડીયા, અડતાળા, હરસુરપુર દેવળીયા, શેખ પીપરીયા થઈને ચાવંડ મેઈન રોડ જો બસ શરૂ કરવામાં આવે તો આ તમામ ગામના લોકોને દવાખાના અર્થે તથા વ્યવહારિક કામકાજ અર્થે અમદાવાદ જવા તથા આવવામાં ખૂબ જ સરળતા રહે. તથા ઉપરોકત તમામ ગામનાં લોકોને હિન્દુ ધર્મના પવિત્ર તીર્થધામ એવા ગઢડા તથા સાળીંગપુર ધામ ખાતે દેવદર્શન કરવા માટે અવાર–નવાર જવાનું થતું હોય અને આ રૂટની એકપણ બસ ના હોય. જેથી કરીને લોકોને ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડે છે. તથા હાલમાં ઉપરોકત ગામડાઓમાં અમદાવાદ જવા તથા આવવા માટે કોઈ જ સરકારી બસ આવતી નથી. માટે લોકોને પડતી મુશ્કેલીને ધ્યાનમાં લઈને નવી બસ શરૂ કરી આપવા તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ પોંકિયાએ એસ.ટી. નિયામકને પત્ર પાઠવીને માંગ કરેલ છે.






















# અમરેલીના વેપારી અગ્રણી ગીરીશ ભટ્ટનાં પુત્ર ચિ. નિલનાં લગ્નપ્રસંગે નવદંપત્તિને આશીર્વાદ પાઠવતા આગેવાનો



અમરેલીના વેપારી અગ્રણી ગીરશભીઈ ભટ્ટના પુત્ર ચિ. નિલનાં લગ્ન પ્રસંગે સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણી, પુર્વ મંત્રી બાવકુભાઈ ઉધાડ, નાયબ મુખ્ય દંડક કૌશિક વેરિયા, મુકેશભાઈ સંઘાણી, પુર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી, હાથી મસાલાનાં માલિક સુધીરભાઈ દુબલ, નીતીનભાઈ આહીયા, ભાવેશ સોઢા, સરેશ શેખવા, શરદભાઈ ગોદાણી, જીતુભાઈ ડેર, દિનેશભાઈ ભુવા, એમજી જોષી સહિત બ્રહ્મસમાજ ની ટીમ, ડો. ગોવિંદભાઈ ગજેરા, ડો. વી.પી. રાવળ, મજબુતભાઈ બસિયા, પીન્ટુ કુરૂંદલે, યોગેશ ગણાત્રા, જીલુભાઈ વાળા, ચતુરભાઈ પટેલ, મુકુંદભાઈ ગઢીયા, હકુભાઈ ચૌહાણ, હરેશભાઈ સાદરાણી, આનંદ ભટ્ટ, ઘનશ્યામ રૈયાણી, યોગેશભાઈ કોટેચા, જે.પી. સોજીત્રા, ડો.શોભનાબહેન મહેતા, સંજયભાઈ વણજારા, ડો. નિલેશભાઈ જાની, ધર્મેશભાઈ પંડયા, અરવિંદભાઈ જાની, ચિરાગ ત્રિવેદી, કનુભાઈ ગણાત્રા, હાર્દિક સેંજળીયા, ભાવેશભાઈ પડશાળા, દામજીભાઈ ગોલ, રસિકભાઈ પાથર, સંદીપ પંડયા, હરીભાઈ કાબરીયા, અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, અનાજ કરીયાણા રીટેઈલ મરચંટ એશોસિએશન, ઈન્દીરા શોપીંગ સેન્ટર એશોસિએશન, મોડા બસ સ્ટેન્ડ વેપારી એસોશિએશન, વેપારી મહામંડળ, ટાવરચોક વેપારી એસોશિએશન તથા વિવિધ સમાજનાં આગેવાન, વિવિધ સંસ્થાઓના આગેવાનોએ નવદંપતિ ચિ. નિલ અને ચિ. દિવ્યાને આર્શિવાદ પાઠવ્યા હતા.

## પાના ૬ ઉપરનું ચાલું ગુજરાતમાં ૧૭ લાખ પુરૂષો

બનવા તરફ રાજય આગળ વધી રહ્યું છે તેની ચિંતા સૌને છે. છેલ્લા ૫ વર્ષ (૨૦૧૮–૨૦૨૨) માં ગુજરાતમાં ૯૩,૦૦૦કિલો ડ્રગ્સ પકડાયું. રાજયમાં ૧૯ લાખ લોકો ડ્રગ્સના બંધાણી બની ચુકયા છે. ૧૭ લાખ પુરૂષો સામે ૨ લાખ મહિલાઓ ડ્રગ્સની બંધાણી છે. દીકરા–દીકરીઓની દરેક પરિવાર ચિંતામાં હોય તેવી સ્થિતિ ગુજરાતમાં છે. હવે ગીફટસિટીના નામે સરકાર દારૂબંધી હળવી કરી સરકાર હવે વિકાસના નામે પાછલા બારણે દારૂબંધીમાં છુટ્ટી આપવાની શરૂ કરી છે.

રાજયના મુટ્ઠીભર ઉદ્યોગપતિઓનો વિકાસ એ ગુજરાતનો વિકાસ નથી. ખોટા વાયદા –વચનો – જુમલાઓ માટે ડબલ એન્જીન સરકાર જાણીતી છે જ, આપણે પહેલા તો નકલી ડીગ્રી વિષે જ સાંભળ્યું હશે.

હવે તો નકલી ચલણી નોટ, નકલી પીએમઓ અધિકારી, નકલી સીએમઓ અધિકારી, નકલી ધારાસભ્ય, નકલી પીએ, નકલી સરકારી કચેરી, નકલી વિજીલન્સ ટીમ, નકલી પોલીસ, નકલી ટોલ નાકું, નકલી ચોખા –ઘી – દારૂ – સીરપ ચારે તરફ નકલી, નકલી અને નકલી જ...

રાજયમાં ઊભી થયેલી બેરોજગારીની સ્થિતિની વાસ્તવિકતા તરફ ધ્યાન આપતા જોવા મળ્યું કે રાજયમાં શિક્ષણનું ખાનગીકરણ – વેપારીકરણ થયું છે. મોંઘુ શિક્ષણ મેળવી લાખો યુવાનો, બેરોજગારો, સરકારમાં લાખો પદ ખાલી હોવા છતાં કાયમી ભરતી કરવામાં આવતી નથી, ટેટ–ટાટ પાસ હજારો શિક્ષકો કાયમી નોકરી માટે આંદોલન કરે છે. સરકાર જ્ઞાન સહાયક જેવા રૂપકડા નામ આપી યુવા પેઢીને કોન્ટ્રાકટ પદ્ધતિ દ્વારા ભરતી કરી અન્યાય કરે છે. સમાન કામ – સમાન વેતન માટે લડતા ગુજરાતના યુવાનોની ચિંતા આ ડબલ એન્જીન સરકારમાં કયાય જોવા મળતી નથી.

રાજયમાં ચોતરફ વહીવટદાર રાજ ચાલી રહ્યું છે જેમાં છેલ્લા ૧.૫ વર્ષથી ચૂંટણીઓ નથી થતી. ઝવેરી કમીશનનો રીપોર્ટ આવ્યો – કાયદો પણ બન્યો પણ મળતીયા વહીવટદારોથી શાસન કરવાની ફાવટ વાળી આ સરકાર ચૂંટાયેલા લોકોને બદલે વહીવટદારોથી વહીવટ કરી રહી છે. આને પરિણામે ૫૦૦૦ ગ્રામ પંચાયતો, ૭૫ નગરપાલિકાઓ, ૧૮ તાલુકા પંચાયતો અને ૨ જિલ્લા પંચાયતની અનેક બેઠકોની પેટા ચૂંટણીઓ નથી થઈ જેમાં સરકાર સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પ્રજાના પ્રતિનિધીઓને ઘરે બેસાડી વહીવટદારોનું રાજ ચલાવે છે.

ડબલ એન્જીન સરકારમાં ગરીબી તો ઓછી ન થઈ પણ ગરીબો દેશમાં વધ્યા છે, આ ડબલ એન્જીન સરકાર 'GYAN' માટે કામ નથી કરતી. એટલે કે, G –ગરીબ, Y–યુવા, A–અન્નદાતા, N–નારી.

પરંતુ આ રાજમાં હકીકત એ છે કે અમીર વધારે અમીર થતા જાય છે અને ગરીબ વધારે ગરીબ થતા જાય છે હોય ત્યારે સરકાર GYAN માટે કામ નથી કરતી પરંતુ અગ્રઢઅગ બની કામ કરે છે. એટલે કે, Anti ગરીબ, Anti યુવા, Anti અન્નદાતા, Anti નારી.

કારણ કે આ સરકાર... ન તો ગરીબી દુર કરી શકી, ન તો બેરોજગારી, ન તો અન્નદાતા – ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપ્યા, ન તો નારીને સલામતી પૂરી પાડી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૫૨ | ૧૨૫૧ |
| ૨ | શિંગ મોટી | ૯૬૦ | ૧૩૫૧ |
| ૩ | તલ સફેૈ | ૧૭૦૦ | ૩૧૩૦ |
| ૪ | તલ કાળા | ૨૧૪૦ | ૨૯૪૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૪૦૯૩ |
| ૬ | બાજરો | ૪૫૨ | ૪૯૨ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૧૧૯૯ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૪૧ | ૬૧૨ |
| ૯ | ઘઉં લોકવન | ૪૬૭ | ૫૭૪ |
| ૧૦ | ચણા | ૭૩૦ | ૧૧૩૯ |
| ૧૧ | તુવેર | ૧૦૫૧ | ૨૦૫૬ |
| ૧૨ | કપાસ | ૧૦૭૦ | ૧૪૫૫ |
| ૧૩ | એરંડા | ૮૦૦ | ૧૧૧૪ |
| ૧૪ | જીરૂ | ૧૯૨૫ | ૬૨૦૦ |
| ૧૫ | રાયડો | ૬૦૦ | ૯૦૮ |
| ૧૬ | રાય | ૭૭૦ | ૧૧૮૫ |
| ૧૭ | ધાણા | ૭૦૦ | ૧૩૧૧ |
| ૧૮ | ધાણી | ૭૦૦ | ૧૬૫૦ |
| ૧૯ | મેથી | ૬૩૦ | ૧૨૧૧ |
| ૨૦ | સોયાબીન | ૬૦૦ | ૮૬૫ |
| ૨૧ | મરચા લાંબા | ૧૦૨૦ | ૩૫૦૦ |

## અવસાન નોધ



**અમરેલી :** કિરીટભાઈ હિંમતભાઈ સેંજલીયા તે હિંમતભાઈ પરશોતમભાઈ સેંજલીયાનાં મોટા દિકરા, હાર્દિક સેંજલીયા (શ્રીજી મોબાઈલ)નાં મોટાભાઈ તેમજ વિશાલ કિરીટભાઈ સેજલીયાનાં પિતાનું તા. ૫ ફેબ્રુઆરીને સોમવારનાં રોજ અવસાન થયેલ છે.

સદ્‌ગતનું બેસણું તા. ૮ ફેબ્રુઆરીને ગુરૂવારનાં રોજ પટેલ વાડી, હીરામોતી ચોક, લીલીયા રોડ ખાતે બપોરનાં ૨ થી ૬ સુધી રાખેલ છે.

**અમરેલી :** અમૃતલાલ વલ્લભદાસ રાયચાનાં ધર્મપત્નિ જયોત્સનાબેન (ઉ.વ. ૭૫) તે સ્વ. ભાવેશભાઈ, મનિષભાઈ, લતાબેન પી. રાજા (અમરેલી), ભાવીકાબેન પી. કારીયા (ગોંડલ)ના માતુશ્રી તા. ૪/૨/૨૪ને રવિવારનાં રોજ શ્રીજી ચરણ પામેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૪૨૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૨૧૫ | ૩૭૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૬૬ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૧૨૩૦ | ૧૨૩૬ |
| ૩ | ઘઉં | ૪૪૧ | ૫૩૭ |
| ૪ | ચણા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૫ | ધાણા | ૧૧૯૧ | ૧૪૨૫ |
| ૬ | સોયાબીન | ૭૩૫ | ૭૩૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૧૦ | ૧૨૪૧ |
| ૨ | શીંગ મોટી | ૮૭૫ | ૧૩૦૩ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૬૪ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૩૦૩૦ |
| ૫ | જીરૂ | ૪૩૫૦ | – |
| ૬ | કપાસ | ૧૧૫૧ | ૧૪૫૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૧૦ |
| ૧૦ | મકાઈ | ૪૦૦ | ૫૫૦ |
| ૧૧ | મગ | – | ૨૨૦૧ |
| ૧૨ | અડદ | ૧૧૦૧ | – |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ૧૪ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | તુવેર | ૧૭૫૧ | ૨૦૮૪ |
| ૧૬ | એરંડી | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૭ | રાયડો | ૯૧૧ | – |
| ૧૮ | ધાણા | ૯૦૦ | ૧૩૫૦ |
| ૧૯ | સોયાબીન | ૮૨૦ | ૮૬૨ |

## પાના ૬ ઉપરનું ચાલું સાવરકુંડલામાં રેતીનાં ઢગલામાંથી

૧,૪૪,૦૦૦ નો મુદામાલ બીન વારસી રીતે સાવર કુંડલાના ખાદી કાર્યાલયથી આકાશી મેલડીમાંના મંદિરે જવાના જુના રસ્તે રેલ્વે ફાટક પાછળ ધણ કેડે આવેલ રેલ્વેના ગરનાળા પાસે રેતીના ઢગલામાં દાટેલ મળી આવી. પોલીસે અજાણ્યા ઈસમ સામે ગુન્હો નોંધી આરોપીની શોધખોળ આદરી છે.

## પાના ૬ ઉપરનું ચાલું અમરેલીમાં જુગાર રમતી પાંચ મહિલાઓને

પાડી અમરેલી સીટી પોલીસ ટીમે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહે જુગાર/દારૂની બદી દુર કરવાં માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ દરોડા કરી જુગાર/દારૂની કડક કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે અમરેલીના લાઠી રોડ, ગિરધરનગર વિસ્તારમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતી હંસાબેન જેન્તીભાઈ સોલંકી (રહે. બ્રાહ્મણ સોસાયટી, રામનગર શેરી નં–૯, અમરેલી), સંગીતાબેન ઉર્ફે શિતલ વિપુલભાઈ બારૈયા રહે. લાઠી રોડ, હનુમાનપરા શેરી નં–૫ તથા રેલ્વે કવાર્ટર, લાઠી રોડ, અમરેલી), ઈન્દુબેન બહાદુરભાઈ ડાંગર (રહે. જશોદાનગર હનુમાનપરા રોડ, અમરેલી), માલતીબેન અરજણભાઈ ભુવા, (રહે. ગીરધરનગર રસથાળવાળી, શેરી, અમરેલી) તથા તારાબેન પ્રિતમભાઈ આચાર્ય, (રહે. જેશીંગપરા શેરી નં–૧ અમરેલી) સહિત પાંચ મહિલાઓને રોકડા રૂપિયા ૧૦,૩૫૦ તથા મોબાઈલ ફોન તથા વાહન મળી કુલ રૂપિયા ૧,૭૧,૦૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી મહિલા આરોપીઓ વિરૂધ્ધમાં ધોરણસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ કરવામાં આવેલ છે.

## પાના ૬ ઉપરનું ચાલું લાઠીનાં વિરપુર ગામે

માણસોએ પોતાની સાથે લાવેલ પ્રવાહીમાં સોનાનો ચેઈન તથા સોનાની બંગડી નાખી ધોઈ આપી, ચેઈન તથા બંગડીમાંથી આશરે ૩૨.૪ ગ્રામ કિંમત રૂા. ૧,૬૦,૦૦૦નું સોનુ ઓગાળી લઈ સવિતાબેન સાથે છેતરપીંડી અને વિસઘાત કરી નાશી જઈ ગુનો કરેલ હોય. જે સવિતાબેને અજાણ્યા બે ઈસમો વિરૂધ્ધ ફરિયાદ જાહેર કરતા લાઠી પોલીસ સ્ટેશનમાં ગુનો રજી. કરવામાં આવેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આ પ્રકારના અનડીટેકટ ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા અનડીટેકટ ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરવામાં આવેલ તેમજ બનાવના સ્થળના આવવા જવાના રોડ ઉપરના સી.સી.ટી.વી. ફુટેજો ચેક કરી, આ ગુનાના ફરિયાદીની પુછપરછ કરી, આરોપીઓના વર્ણન અંગે માહિતી મેળવી, ગુનાના આરોપીઓને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમિયાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે મહોમદફારૂક મહોમદમજનુ રાયન તથા મહોમદસમસુદ મહોમદમુસ્તફા મન્સુરી, રહે. મુળ બિહાર અને હાલ રહે. બોટાદવાળા બે ઈસમોને રોકડા રૂપિયા ૧,૧૦,૦૦૦ તથા એક યામાહા કંપનીનું એફ.ઝેડ. વેરીયન્ટ મોડલનું મોટર સાયકલ નં. જી.જે. ૨૭ એ.એન. ૯૩૦૧ કિંમત રૂપિયા ૫૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦ નો મુદ્દામાલ પકડી પાડી, પકડાયેલ આરોપીઓની સઘન પુછપરછ કરતાં ઉપરોકત અનડીટેકટ ગુનો કરેલ હોવાની કબુલાત આપેલ હતી.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ૨ | ચણા | ૮૬૦ | ૧૦૫૬ |
| ૩ | મગફળી | ૯૦૦ | ૧૨૦૦ |
| ૪ | તુવેર | ૧૦૦૦ | ૧૭૯૫ |
| ૫ | બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૯૪ | ૫૫૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૨ |
| ૮ | ધાણા | ૧૧૦૫ | ૧૨૦૦ |
| ૯ | સોયાબીન | ૭૯૦ | ૮૪૮ |
| ૧૦ | અડદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૧૯૫ | ૨૮૧૫ |
| ૧૨ | મેથી | ૮૨૫ | ૮૨૫ |
| ૧૩ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૩૬૦ |
| ૧૪ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૬૫૫ | ૧૬૫૫ |

## જાહેર નોટિસ

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી **વ્રજલાલ મીઠાભાઈ વિરડીયા, રે. રાજકોટવાળા,** નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત ખરીદ કરવા માંગે છે, અને તેના માલીક (૧) **મધુભાઈ હરિભાઈ સતાણી** (૨) **મનોજભાઈ હરિભાઈ સતાણી રે, પાનસડા, તા.બાબરા** વાળા સાથે ખરીદ કરવા સોદો કરેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણ નો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હક્કહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હક્ક હોય કે સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે, મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હક્ક / વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન – ૦૭ (સાત) માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી. એડી.થી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી. અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈજ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

:: **પરિશિષ્ટ** ::

ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે પાનસડા ગામના, ખેડ ખાતા નં.– ૧૭૩, રે.સ.ન.૫૫૩ (જુનો નં.–૪૭/૩) હે. ૦–૮૪–૮૫ ચો.મી.જમીન આવેલ છે, આ ખેતીની જમીન અમારા અસીલશ્રી જમીન ખરીદ કરવા માંગે છે.

તા. ૦૬/૦૨/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૮૦ | ૧૪૬૪ |
| ૨ | મગફળી | ૧૧૮૮ | ૧૨૩૨ |
| ૩ | તલ સફેદ | ૨૪૬૦ | ૨૬૨૦ |
| ૪ | ઘઉં | ૪૬૦ | ૫૯૦ |
| ૫ | ચણા | ૯૬૬ | ૧૧૦૪ |
| ૬ | તુવેર | ૧૫૨૮ | ૧૯૫૨ |
| ૭ | ધાણા | ૧૦૮૫ | ૧૧૨૫ |


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૪૩૬ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૨૨૬ |
| ૩ | ચણા | ૧૦૪૫ | ૧૧૧૭ |
| ૪ | જુવાર સફેદ | ૭૦૧ | ૮૨૧ |
| ૫ | જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| ૬ | રાજગરો | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૭ | તુવેર | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૮ | સોયાબીન | ૮૫૫ | ૮૫૫ |
| ૯ | ઘઉં | ૩૮૧ | ૩૮૧ |
| ૧૦ | તલ સફેદ | ૨૮૪૦ | ૨૮૪૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૯૦ | ૧૩૪૧ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૮૫૧ |
| ૩ | તલ પીળા | ૩૮૦૦ | ૩૮૫૦ |
| ૪ | કપાસ | ૯૦૧ | ૧૪૩૧ |
| ૫ | બાજરો | ૪૩૫ | ૫૧૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૮ | ૬૧૪ |
| ૭ | જુવાર | ૪૬૦ | ૯૦૦ |
| ૮ | મગ | ૨૦૫૧ | ૨૦૫૧ |
| ૯ | તુવેર | ૧૯૫૦ | ૧૯૫૦ |
| ૧૦ | ચણા | ૧૦૬૦ | ૧૨૦૧ |
| ૧૧ | રાજગરો | ૨૩૦૦ | ૨૩૦૦ |

# સાવરકુંડલા : કુંડલા ગામધણી જોગીદાસબાપુ ખુમાણની કાયમી સ્મૃતિરૂપે મૂર્તિકામ પૂરજોશ ગતિમાં






અહેવાલ : પ્રતાપભાઈ ખુમાણ, તસ્વીર : કેવલ વેલાણી–સાવરકુંડલા

ઐતિહાસિક યુગ પુરૂષ અને જેને જતી સ્વરૂપ ગણવામાં આવે છે તેવા સાધુ ચરિત બહારવટિયા જોગીદાસ બાપુ ખુમાણ જેમને પૂજય સંત શ્રી મોરારીબાપુએ સમગ્ર સૌરાષ્ટ્રના ૧૪ રત્નો માં સ્થાન આપ્યું છે. સમગ્ર કાઠીયાવાડ તો ઠીક પરંતુ સારાએ વિશ્વમાં સાવરકુંડલાના નામ સાથે જેમનું આજે ૨૫૦ વર્ષથી નામ જોડાયેલું છે કુંડલા કોનું એવો સવાલ જયારે કોઈપણ ગુજરાતીને પૂછવામાં આવે તો માત્ર એક જ જવાબ મળે જોગીદાસ ખુમાણ નું...!! કાઠી સમાજની નબળાઈ ગણો કે બે ફિકરાઈ કે આળસ જેના કારણે આજ દિન સુધી જે વીર પુરૂષને અંદાજે અઢીસો વર્ષ વીતી ગયા છતાં સમગ્ર સાવરકુંડલા તાલુકામાં કે જેમના જેમની ૮૪ ગામમાં હુકુમત હતી, એવા ખુમાણ રત્ન નું એક પણ સ્ટેચ્યુ છે નહીં. સાવરકુંડલા નવનિર્મિત નગર સેવા સદનના બિલ્ડીંગને જે તે સમયની નગરપાલિકાની સત્તાવાર સાધારણ સભામાં આ વીર જતી પુરૂષ અને પવિત્ર બહારવટીયા પૂજય જોગીદાસ બાપુ ખુમાણ સેવા સદન નામ આપવાનો ઠરાવ જે તે વખતે થયેલ છતાં આ ઠરાવને નજર અંદાજ કરી ત્યાર પછીની શાસિત નગરપાલિકા બોડીએ સાવરકુંડલાના જ એક રાજકીય આગેવાનનું જીવતે જીવત આ બિલ્ડિંગનું નામ આપી વળી તેમના જ હસ્તે પોતાનું જ નામકરણ પણ કરી નાખેલ ત્યારબાદ સમગ્ર કાઠી ક્ષત્રિય સમાજમાં ખૂબ જ વિરોધ અને રોષ જોવા મળતા ત્યારબાદ તાત્કાલિક જે તે નામ દૂર કરી સેવા સદનને પૂજય જોગીદાસ બાપુ ખુમાણ સેવાસદન નામ કરણ કરવામાં આવેલ ત્યારબાદ આ સેવાસદનના કમ્પાઉન્ડમાં આ વીર પુરૂષની પ્રતિમા પુરા કદની મૂકવાનો ઠરાવ થયેલ અને તમામ જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ થયેલ પરંતુ જે તે કોન્ટ્રાકટર દ્વારા ખામી ભરેલી પ્રતિમા બનાવવામાં આવતા તે પ્રતિમા સમગ્ર કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા ના પસંદ કરવામાં આવે ત્યારબાદ હાલ નવી પ્રતિમા બનાવવાની પ્રક્રિયા ચાલુ છે ત્યારે હવે કોઈ પણ પ્રકારની કચાશ રહી ન જાય તેની સંપૂર્ણ કાળજી લેવાય રહી છે. હાલ મૂર્તિકાર દ્વારા એક નમૂનારૂપ સ્ટેચ્યુ તૈયાર કરવામાં આવ્યું છે જેની ઝલક આ સાથે ના ફોટાઓમાં જોવા મળી રહી છે,હજી મૂર્તિકામ પ્રાથમિક તબક્કામાં છે,હવે આ તૈયાર થતા સ્ટેચ્યુમાં તમામ આગેવાનો અને આ બાબતના નિષ્ણાંતો દ્વારા મત લેવામાં આવી રહ્યા છે જે કાંઈ ફેરફારના સૂચનો આવશે તે પ્રમાણે ફાઈનલ ટચ આપવામાં આવશે. તેમ સાવરકુંડલા ક્ષત્રિય અગ્રણી પ્રતાપભાઈ ખુમાણ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રાજુલા : રામધામ–જાલીડા ખાતે બની રહેલા રામધામ ખાતમુહુર્તમાં લોહાણા સમાજને મળ્યું આમંત્રણ



રાજુલા, તા. ૫

વાંકાનેર–રાજકોટ હાઈવે પર જાલીડા મુકામે સમસ્ત રઘુવંશી સમાજની એકતાના પ્રતિકસમા પવિત્ર શ્રી રામધામનું વિશાળ ફલક પર નિર્માણ થઈ રહ્યુ છે. ત્યારે સમસ્ત રઘુવંશી સમાજની એકતા માટે કટીબધ્ધ એવા શ્રી રામધામના સ્વપ્નદ્રષ્ટા રઘુવંશી સમાજના એકમાત્ર ધારાસભ્ય જીતુભાઈ સોમાણી દ્વારા જયાં સુધી શ્રી રામધામનું ખાત મુહુર્ત ન થાય ત્યાં સુધી અનાજ તથા કઠોળનો ત્યાગ કરવાની આકરી ટેક લેવામાં આવી હતી. ત્યારે સમગ્ર લોહાણા સમાજના સાથ–સહકારથી શ્રી રામધામનું ખાતમુહુર્ત થવા જઈ રહ્યુ છે. પવિત્ર શ્રી રામધામનું ખાતમુહુર્ત તેમજ જીતુભાઈ સોમાણીની ટેકના પારણા સહિતના કાર્યક્રમો અંતર્ગત તા. ૧૬/૨ થી ૧૯/૨ દરમિયાન ૧૦૮ કુંડી મહા રામયજ્ઞનું અનેરૂ આયોજન કરવામાં આવ્યુ છે. જેનું નિમંત્રણ રાજુલા ના લોહાણા સમાજ સહિતના લોહાણા સમાજના અગ્રણીઓને આજે અમરેલી જિલ્લાનાં રામધામનાં યુવા કનવિનર વિશાલ ભાઈ સોઢા તેમની ટીમ સાથે રાજુલા મુકામે પહોંચેલ. પ્રભુ શ્રી રામનાં જય ઘોષ સાથે આગામી ૧૦૮ કુંડી યજ્ઞમાં સમગ્ર રઘુવંશી ઉમટી પડવા હાકલ કરી હતી. આ ભવ્ય જલયાત્રામાં તેમજ આ ભૂમિપૂજનને જીતુભાઈ સોમાણીનાં પારણામાં સાક્ષી બનવા હાકલ કરી હતી. સમગ્ર સૌ મહાજન રામનાં જય ઘોષ સાથે હાકલને વધાવી લીધી હતી.

આ તકે રાજુલા લોહાણા મહાજન તથા જલારામ સેવા મંડળ ટ્રસ્ટીઓ તથા મહાજન પ્રમુખ તથા તમામ લોહાણા સમાજ મોટી સંખ્યામાં હાજર રહ્યો હતો અને બહોળી સંખ્યા સંખ્યા હાજરી આપવાનો સંકલ્પ કર્યો હતો. સાથે સાથે વિ હિન્દુ પરિષદના પ્રમુખ તેમજ તેમની ટીમ રાજુલા જલારામ મંદિરે આવેલ ત્યારે તેમને પણ આ પ્રસંગે હાજર રહેવાનું આમંત્રણ પાઠવવામાં આવેલ. આ પ્રસંગે રાજુલા લોહાણા મહાજન પ્રમુખ સહિતનાં લોહાણા સમાજના આગેવાનો હાજર રહેલને રૂબરૂ નિમંત્રણ પાઠવવામાં આવ્યું. અમરેલી જિલ્લાના વિવિધ મથકોએ શ્રી રામધામનું આમંત્રણ પાઠવતા લોહાણા સમાજના અગ્રણીઓએ વિવિધ શહેરો ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું.

## માતૃશ્રી રમાબાઈલ આંબેડકરનાં જન્મદિને અમરેલી ખાતે અનુ.જાતિ મોરચો અને ડોકટર સેલ દ્વારા મહિલા મેડિકલ કેમ્પ યોજાશે

### ડો. ગોસાઈની હોસ્પિટલ ખાતે કેમ્પ યોજાશે


અમરેલી, તા. ૫

આગામી તા. ૭ ફેબ્રુઆરીના દિવસે ડો. બાબાસાહેબ આંબેડકરનાં ધર્મ પત્ની, માતૃશ્રી રમાબાઈ આંબેડકરનો જન્મદિવસ હોય. જે અન્વયે વિનામૂલ્યે સર્વ રોગ મહિલા મેડીકલ કેમ્પનું આયોજન કરેલ છે. જેમાં સર્વરોગનાં નિષ્ણાંત ડોકટરોની ટીમ ધ્વારા સેવા આપવામાં આવશે. જેથી કરીને અમરેલી જિલ્લાના અનુસૂચિત જાતિ મોરચો તેમજ અમરેલી જિલ્લા ડોકટર સેલ ધ્વારા સંયુકત ઉપક્રમે આ મેડીકલ કેમ્પનું આયોજન શ્રીજી વિમેન્સ હોસ્પિટલ (ડો. પિયુષ ગોસાઈ હોસ્પિટલ) સુખનાથપરા, લીલીયા રોડ, હીરામોતી ચોક, શ્રીજી ટાવર પાસે અમરેલી ખાતે રાખેલ હોય. જેમાં જરૂરિયાતમંદ બહેનોએ લાભ મેળવવા અનુરોધ કરવામાં આવે છે.

## અમરેલીના અરહાન સુમરાનો આજે જન્મદિવસ

અમરેલી, તા.૫

અમરેલની અરહાન મોહિઝભાઈ સુમરાનો આજે જન્મદિવસ હોય તે પ્રસંગે પપ્પા મોહિઝભાઈ તેમજ મમ્મી તબસ્સુમબેન તેમજ બેન અરીહાદાદા મોહમ્મદભાઈ દાદી ઝરીનાબેન તેમજ નાના ઈમ્તિયાઝભાઈ અને નાની મુમતાજબેન બધા પરિવારનાં સભ્યએ અરાહનને આજે જન્મદિવસની મુબારકબાદીની શુભેચ્છા પાઠવી હતી. અને લાંબુ આયુષ્ય તેમજ તંદુરસ્તી અને ભણવામાં ખુબ જ આગળ વધી પરિવારનું નામ રોશન કરે તેવી પણ મુબારકબાદી પાઠવી શુભેચ્છા અર્પણ કરેલ હતી. અરહાને



તમામ પરિવારને જન્મદિવસ નિમિતે મીઠું મોઢુ કરાવી કેક ખવડાવી હતી.

## પોકસો અને આઈટી એકટની કલમ દૂર કરો

## સુરતની ઘટનાને લઈને દાખલ થયેલ પત્રકાર સામેની ફરિયાદને લઈને રજૂઆત

### અમરેલી ખાતે કલેકટરને આવેદનપત્ર પાઠવાયું

અમરેલી, તા. ૫

અમરેલી ખાતે નેશનલ પ્રેસ એસોસીએશન દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવેલ.



આવેદનપત્રમાં જણાવેલ છે કે, ગત તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૪નાં સુરતનો એક વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ઘટનામાં એક ઈસમ ધોરણ ૬ માં અભ્યાસ કરતી એક સગીરા પર હાથ નાખી વિકૃત હરકતો કરતો દેખાતો હતો. ઘટનાના સીસીટીવી વાયરલ થયા હતા અને આ ઘટનાની નોંધ સુરતના સ્થાનિક મીડિયામાં પણ લેવાઈ હતી. આટલી ગંભીર બાબતે પણ સુરત પોલીસ ધ્વારા કોઈ ફરિયાદ ન નોંધાતા નવજીવન ન્યુઝના પત્રકાર તુષાર બસિયાએ આ ઘટનામાં વધુ જાણકારી મેળવવા માટે જે પોલીસ સ્ટેશનની હદમાં આ ઘટના બની હતી તે સીંગણપોર પોલીસ સ્ટેશનના પીઆઈને ફોન કરી તેમનો ઓફિશિયલ કવોટ લેવા ફોન કર્યો હતો. ફોન પર પીઆઈએ જણાવ્યું હતું કે, ફરિયાદીઓ ફરિયાદ આપવા માંગતા ન હોવાથી આ મામલે ફરિયાદ દાખલ કરવામાં આવી નથી. એ પછી તુષાર બસિયાએ આ મામલે નવજીવન ન્યુઝમાં સ્ટોરી કરતા સીંગણપોર પોલીસ અધિકારીઓ ધ્વારા કાર્યવાહી કરવા મજબુર થયા અને કાર્યવાહી કરવામાં આવી હતી.

તુષાર બસિયા સામે નોંધાયેલ કેસને મીડિયાનો અવાજ દબાવવાના પ્રયત્ન છે. એટલે આ વાત સ્પષ્ટ છે કે ઘટનાના ૧૨ દિવસ સુધી સુરતના સીંગણપોર પોલીસ સ્ટેશન ધ્વારા સુઓ–મોટો ફરિયાદ દાખલ કરવામાં ચુકી ગયેલ હોય જે ભૂલ ઢાંકવા માટે સીંગણપોર પોલીસ સ્ટેશન ધ્વારા આ કિસ્સામાં પ્રકાશ પાડનાર નીડર અને નવજીવન ન્યુઝના પત્રકાર તુષાર બસિયા સામે ખોટી રીતે પોકસો એકટ, જુવેનાઈલ જસ્ટિસ એકટ તથા આઈટી એકટની વિવિધ કલમો લગાવી દીધી હતી. આ તમામ હકીકતો ધ્યાને લઈને પત્રકાર સામે લગાવવામાં આવેલ કલમો રદ કરી નિર્દોષ જાહેર કરવા અમો સામાજિક કાર્યકર્તાઓએ માંગ કરેલ છે.

# બાબાપુર : સર્વોદય આશ્રમમાં 'સદ્‌ભાવ સમારોહ' યોજાયો

તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર






સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર સંસ્થાના 'અમૃતવર્ષ' અંતર્ગત તા.૩/૨/૨૦૨૪ ના રોજ ' સદભાવ સમારોહ' યોજાયો હતો. સમારંભના મુખ્ય વક્તા દીપકભાઈ તેરૈયા, મુખ્ય મહેમાન તરીકે અમેરિકાથી પધારેલ સંસ્થાના મુખ્ય દાતા તથા સંસ્થાના શુભેચ્છક પૂજય અનિલ મામા,અપર્ણા મામી, પ્રેમીલા માસી, માસી, જયોત્સના માસીની ઉપસ્થિતિમાં સદભાવ સમારોહ યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ ' સર્વોદય સરગમ ગ્રુપ' ના સુમધુર ગીતથી થયો હતો. દીપપ્રાગટય બાદ પ્રદીપભાઈ ગજેરાએ મહેમાનોને આવકાર આપી, પૂર્વભૂમિકા બાંધી હતી. કૌશિકભાઈ રાવલે દીપકભાઈ તેરૈયાનો યથોચિત પરિચય આપ્યો હતો.દીપકભાઈ તેરૈયાએ પ્રથમ બેઠકમાં મનનીય પ્રવચન આપતાં કહ્યું હતું કે 'વર્તમાન જગત દિનપ્રતિદિન ખૂબ ઝડપે ટેકનોલોજીથી 'અપડેટ' થઈ રહ્યું છે, જે 'અપડેટ' નહીં થાય એ ' આઉટડેટ' થઈ જશે. સંસ્થાના મુખ્ય દાતાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રતિભાવ આપતા આ અનિલ મામાએ કહ્યું હતું કે પૂજય ગુણવંતભાઈ તથા હસુબેને ગરીબ બાળકોના જીવનને ઉજાળવા જીવન અર્પ્યુ છે, એ ઉમદા કાર્યને વેગ આપવા યથાશકિત આર્થિક મદદ કરવામાં નિમિત્ત બન્યા છીએ, એનો અમને આનંદ છે. પ્રેમિલા માસીએ પોતાના અને પરિવારના સંસ્કાર ઘડતર માટે મા બાપના ઋણનો ભાવસભર ભાષામાં સ્વીકાર કર્યો હતો.સંસ્થાના પ્રમુખ વસંતદાદાએ એમની આગવી શૈલીમાં પ્રેરક વકતવ્ય આપ્યું હતું. બીજી બેઠકમાં આ સમારોહના મુખ્ય વક્તા ગાંધીનગર સ્પીપાના ડેપ્યુટી ડાયરેકટર દીપકભાઈ તેરૈયાએ કાર્યક્રમના અંતે ૧૨૫ જેટલા શિક્ષકો સાથે સંવાદ કરી શિક્ષકોને વિદ્યાર્થી અને શિક્ષક કલાસરૂમ સ્થિતિ અંગે વિદ્યાર્થીઓની શક્તિ ઓળખી તેનું જીવન ઘડતર કરવાની શીખ આપી હતી. અંતમાં મૂળજીભાઈ ઝાલા આચાર્ય જનતા વિદ્યાલય થોરખાણ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર સમારોહમાં સંસ્થા સંચાલિત શાળ ામાંથી કુલ ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

## વિધાનસભામાં રાજયપાલનાં સંબોધનનાં આભાર પ્રસ્તાવની ચર્ચામાં ભાગ લેતા કોંગી નેતા અમિત ચાવડા

# હદ થઈ : ગુજરાતમાં ૧૭ લાખ પુરૂષો અને ર લાખ મહિલાઓ ડ્રગ્ઝનાં બંધાણી

### ગુજરાતમાં માત્રને માત્ર મુઠ્ઠીભર ઉધોગપતિઓનો વિકાસ થયો આમ ગુજરાતીઓનો નહી

ગાંધીનગર, તા. ૫

રાજયમાં જયારે ૧૫૬ની બહુમતિવાળી સરકાર હોય, ડબલ એન્જીન હોય અને બજેટ રજુ કરવામાં આવ્યું હોય તો પણ ગુજરાતની ગૃહિણીઓને ૪૫૦રૂપિયામાં ગેસની બોટલ ન મળ્યો. ગુજરાતીઓને ફકત ન્યુઝ પેપરોમાં રાજસ્થાન સરકારની ગેસના બાટલાની જાહેરાતો જોઈને ખુશ થવું પડે છે. સરકારના કાલ્પનિક આંકડાઓથી વધતા જીડીપીમાં જનતાને રસ નથી. પ્રજા જીડીપી – એટલે, ગેસ–ડીઝલ–પેટ્રોલના વધતા ભાવોને કારણે જનતા બેહાલ છે. ગુજરાત રાજય એ દેશનું ગ્રોથ એન્જીન છે, ડબલ એન્જીન

### રાજયની ૬૦ ટકા જનતા પેટ ભરવા, અનાજ લેવા માટે લાઈનોમાં ઉભી રહેવા મજબુર બની

સરકાર છે, છતાં પણ મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીના વડપણ હેઠળ નોકરી–ધંધા–રોજગાર–નીતિઓના અભાવે અને ડબલ એન્જીનના ધુમાડાને કારણે ગુજરાતના કુલ ૧.૩૨ કરોડ પરિવારોમાંથી ૭૨ લાખ પરિવારો દર મહિને ૨ ટંક ભોજન માટે અનાજ લેવા લાઈનોમાં ઉભી રહે છે.

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ નહિ કરી ભાજપ સરકાર દ્વારા વહીવટદાર રાજને પ્રોત્સાહન

કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિવસે દિવસે કથળી રહી છે. તેની પાછળનું મોટું કારણ બેરોજગારીને કારણે ગુજરાતનું યુવાધન નશાના રવાડે

### રાજયમાં નકલી અધિકારી, નકલી કચેરી, નકલી પોલીસ, નકલી ટોલનાકુ, નકલી ઘી-સીરપે ધુમ મચાવી

ચડી રહ્યા છે, કચ્છના દરિયાકિનારે ડ્રગ્સ પકડાય એટલે કચ્છ ડ્રગ્સના લેન્ડિંગ હબ તરીકે બની ગયું છે. 'ઉડતા ગુજરાત'

(અનુસંધાન પાના ૪ ઉપર)

## એસપીનાં માર્ગદર્શનતળે એલસીબીએ સપાટો બોલાવ્યો

# લાઠીનાં વિરપુર ગામે સોનાના દાગીનાં ધોઈ નાખવાનાં નામે છેતરપીંડી કરનાર ર ઈસમો ઝડપાયા

### ૧.૬૦ લાખની રકમનો મુદ્દામાલ રીકવર કરાયો



અમરેલી, તા. ૫

લાઠી તાલુકાના વિરપુર ગામે રહેતા સવિતાબેન મગનભાઈ જોગાણી નામના ૭૦ વર્ષિય વૃધ્ધાના રહેણાંક મકાને ગત તા. ૩૧નાં રોજ બે અજાણ્યા ઈસમો શેમ્પુ વહેચવાના બહાને આવી, સોના–ચાંદીના વાસણો ધોઈ આપવાનું કહેતા સવિતાબેને પ્રથમ ત્રાંબાનો લોટો આપતા તેને ધોઈને નવો કરી આપેલ. બાદ બીજા વાસણો હોય તો ધોઈ આપવાનું કહેતા ચાંદીની ગાય તથા ગણપતિની મુર્તિ આપતા તેને પણ ધોઈ આપેલ. આ દરમિયાન અજાણ્યા માસણોએ જુના સોનાના દાગીના હોય તો તેને પણ ધોઈને નવા કરી આપવાનું કહી, વિસમાં લઈ સોનાનો ચેઈન આશરે ત્રણ તોલાનો તથા સોનાની બંગડી અઢી તોલાની ધોવા માટે આપતા અજાણ્યા

(અનુસંધાન પાના ૪ ઉપર)

## ગિરધરનગર વિસ્તારની ઘટના

# અમરેલીમાં જુગાર રમતી પાંચ મહિલાઓને સીટી પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી

### કુલ રૂપિયા ૧.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે થયો

અમરેલી, તા. ૫

અમરેલીના લાઠી રોડ ગિરધરનગર વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતી પાંચ મહિલાઓને રોકડા રૂપિયા ૧૦,૩૫૦ સાથે વાહનો તથા મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧,૭૧,૦૫૦ના મુદ્દામાલ સાથે પકડી

(અનુસંધાન પાના ૪ ઉપર)

# મોટા આંકડીયાનાં વૃધ્ધનું માર્ગ અકસ્માતમાં મોત થયું

અમરેલી, તા. ૫

અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રહેતા મનસુખભાઈ જાદવભાઈ વઘાસીયા નામના ૬૦ વર્ષિય વૃધ્ધ ગત તા. ૨૨ના બપોરે ૨ વાગ્યા દરમ્યાન પોતાના હવાલાવાળુ મોટરસાયકલ નં. જીજે ૦૫ ઈએલ ૯૫૯૨નું ઉતાવળે ચલાવી ગોળાઈમાં પહોંચતા મોટરસાયકલ પરનો કાબુ ગુમાવી દેતા મોટરસાયકલ સ્લીપ ખાઈ જતા મોટરસાયકલ સાથે રોડ ઉપર પડી જતા માથાના ભાગે તથા મોઢાના જમણા ભાગે ગંભીર ઈજા થતા અમદાવાદ સિવિલ હોસ્પીટલ ખાતે સારવાર ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## મહુવા રોડ પરની ઘટના

# રાજુલાનાં યાદવ ચોકમાં રહેતા અને ગોરપદુ કરતા પ્રૌઢે બીમારીથી કંટાળી ઝેરી દવા પી લીધી

### ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૫

રાજુલાના મહુવા રોડ રોડ ઉપર આવેલ યાદવ ચોકમાં રહેતા અને ગોરપદુ કરતાં ભરતભાઈ પ્રાણશંકર જોષી નામના ૫૮ વર્ષિય પ્રૌઢ ગત તા. ૩ના રોજ રાત્રીના આશરે આઠેક વાગ્યે પોતાના ઘરે બિમારીથી કંટાળીને પોતાની મેળે અનાજમાં નાખવાની દવા ખાઈ લેતા તેમને સારવાર માટે ભાવનગર બજરંગદાસ હોસ્પિટલ ખાતે લઈ જતાં તે સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ગાંધીનાં ગુજરાતમાં જમીનમાંથી પણ દારૂ મળી આવે

# લ્યો બોલો : સાવરકુંડલામાં રેતીનાં ઢગલામાંથી વિદેશી દારૂની ૪૮૦ બોટલ પોલીસે ઝડપી લીધી

### પોલીસે અજાણ્યા ઈસમ સામે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૫

કોઈ અજાણ્યા ઈસમે ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની અલગ–અલગ બ્રાન્ડની બોટલ નંગ–૪૮૦ ની કિંમત રૂા.

(અનુસંધાન પાના ૪ ઉપર)

## અયોધ્યા એપાર્ટમેન્ટની પાછળ

# અમરેલીમાં 3 પત્તાપ્રેમીઓ જુગાર રમતા ઝડપાયા

અમરેલી, તા. ૫

અમરેલીના બહારપરા, નાળા પાસે રહેતા સચીનભાઈ સુરેશભાઈ ચૌહાણ, સતીષભાઈ કાળુભાઈ સરવૈયા (રહે. બ્રાહમણ સોસા., ગોપાલનગર–૨ અમરેલી), વિપુલભાઈ જાદવભાઈ આખજા (રહે. લાલાવદર તા.જી. અમરેલી) વાળા ત્રણેય ઈસમો અમરેલી બાયપાસ રોડ ઉપર આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટની પાછળ આવેલ બાવળની કાંટ પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે પૈસાની હાર–જીતનો તીનપત્તીનો જુગાર રમતાં હોય. આ અંગે અમરેલી તાલુકા પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડા રૂપિયા ૧૦,૬૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,390/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર......................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

શ્રધ્ધાંજલિ

સ્વ. માવજીભાઈ ગોવાભાઈ કોચરા
સ્વ. તા. ૦૪–૦૨–૨૦૨૪, રવિવાર, (ઉ.વ.૮૩) મુ.વાવડી, (ધરાઈ)
મનુષ્યનું જીવન મળવું એ ભાગ્યની વાત છે, મૃત્યુ થવુ એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ મનુષ્યના હૃદયમાં જીવીત રહેવુ એ જીંદગીમાં કરેલા કર્મોની વાત છે, તમે અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવીત છો, ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...
લી.
જયંતિભાઈ માવજીભાઈ કોચરા
રમેશભાઈ માવજીભાઈ કોચરા
નરેશભાઈ માવજીભાઈ કોચરા
ભરતભાઈ માવજીભાઈ કોચરા
મુ.વાવડી (ધરાઈ), તા.બાબરા, જિ.અમરેલી
મુકેશભાઈ કે. રાઠોડ
સુરેશભાઈ કે. રાઠોડ
મુ.બાબરા, જિ.અમરેલી

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ..
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

॥ જય નાગનાથ ॥
પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ
ભાવપૂર્ણ શ્રધ્ધાસુમન અર્પિત...

સ્વ. ભરતકુમાર એન. પંડયા (એડવોકેટ)
કૈલાસવાસ તા. ૦૬/૦૨/૨૦૨૦
ભકિત તમે કરી પૂણ્ય અમને મળ્યું, સંઘર્ષ તમે કર્યુ ફળ અમને મળ્યું, આપવું એજ આપનો જીવન મંત્ર હતો.
લઈ શું ગયા તમે આપી ઘણું ગયા. અમને જીંદગીના ઘણા પાઠ સમજાવી ગયા તમે.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લી.
રમાબેન ભરતકુમાર પંડયા (પત્નિ)
કૌશલભાઇ ભરતકુમાર પંડયા (પુત્ર)
નિમીષાબેન (નિકું) કૌશલભાઇ પંડયા (પુત્રવધુ)
સમર્થભાઇ કૌશલભાઈ પંડયા (પૌત્ર)
તથા પંડયા પરિવારનાં
હર... હર... મહાદેવ...
પન્નાબેન રૂચીરભાઈ જોષી (પુત્રી)
રૂચીરભાઇ આર. જોષી (જમાઈ)
દર્શનાબેન સંજયભાઇ ચાવડા (પુત્રી)
સંજયકુમાર ડી. ચાવડા (જમાઈ)
કૃપા આર. જોષી (ભાણેજ)
દીયા આર. જોષી (ભાણેજ)
માન્યા એસ.ચાવડા (ભાણેજ)


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)